ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૨૩.૮ ડીગ્રી
લઘુતમ : ૯.૫ ડીગ્રી
ભેજ
સવારે ૫૧ ટકા ● સાંજે ૩૧ ટકા

# શહેરમાં પ્રજાસત્તાક પર્વની હર્ષોલ્લાસપૂર્વક ઉજવણી

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર શહેરમાં ૭૦માં પ્રજાસત્તાક પર્વની દબદબાભેર ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વિવિધ શાળા-કોલેજના વિદ્યાર્થીઓ અને યુવાનોએ રાષ્ટ્રીય પર્વમાં જોમ અને જુસ્સા સાથે જોડાઈ દેશભકિતના રંગે રંગાઈ ગયા હતા. જયારે આ પ્રસંગે સરકારી અને બિન સરકારી કચેરીઓમાં પણ ધ્વજવંદન કાર્યક્રમની ઉજવણી કરાઈ હતી જેમાં નગરના આગેવાનો, હોદેદારો, અધિકારી-કર્મચારીઓ, સહિત નગરજનો ઉત્સાહભેર જોડાયા હતા. આ પ્રસંગે વિવિધ શાળા-કોલેજ તેમજ સેવાકીય સંસ્થાઓ તરફથી વિવિધ સ્પર્ધાઓનું પણ આયોજન કરાયું હતું.



**● ગાંધીનગર મહાનગર પાલિકા ખાતે ધ્વજવંદન**

ગાંધીનગર મહાનગર પાલિકા ખાતે ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મેયર પ્રવિણ પટેલ દ્વારા ધ્વજવંદન કર્યું હતું. આ પ્રસંગે મેયર પ્રવિણ પટેલે કોર્પોરેશને કરેલા વિકાસના કામો જેમાં રંગમંચના, બાગ બગીચા, અને વાઈબ્રન્ટની સફળતાનો ઉલ્લેખ કર્યો હતો. ઉપરાંત સ્વચ્છતા માટે હાંસલ કરેલી વિવિધ સિધ્ધીઓ તેમજ રોડ સેફટી માટે લેવાયેલા પગલાનો પણ ઉલ્લેખ કરાયો હતો. કાર્યક્રમમાં મનપાના કમિશનર ડો. રતનકુંવર ગઢવી (ચારણ), પૂર્વ મંત્રી વાડીભાઈ પટેલ, ડે.મેયર દેવેન્દ્રસિંહ ચાવડા, કોર્પોરેટર્સ, હોદેદારો, સહિત કર્મચારીઓ મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા.

**● ગાંધીનગર જિલ્લા પંચાયત ખાતે ધ્વજવંદન**

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં ગણતંત્રની ધામધુમપૂર્વક ઉજવણી કરાઈ હતી. જિલ્લા પંચાયત ખાતે આયોજીત આ રાષ્ટ્રીય પર્વમાં પ્રમુખ મંગુબેન શનાભાઈ પટેલ (ચૌધરી) એ ધ્વજવંદન કર્યું હતું. આ પ્રસંગે શાળા-કોલેજના વિદ્યાર્થીઓએ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોની પ્રતિકૃતિઓ રજુ કરી હતી. ઉપરાંત જિલ્લા પંચાયત પટાંગણમાં



રકતદાન શિબિર પણ યોજાઈ હતી. જેમાં ૧૫ થી વધુ અધિકારી-કર્મચારીઓએ રકતદાન કર્યું હતું. આ પ્રસંગ જિલ્લા પંયાતના ઉપપ્રમુખ ભરતભાઈ પટેલ, જિલ્લા વિકાસ અધિકારી હિતેશ કોયા, અધિક નિવાસી કલેકટર હનુમંતસિંહ જાડેજા, જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના ચેરમેન કિર્તીબેન પટેલ, ન્યાય સમિતિના એલ.એન.પરમાર, સહિત ચુંટાયેલા સદસ્યો કર્મચારીઓ અને જિલ્લા કોંગ્રેસના આગેવાનો હાજર રહ્યા હતા.

**● સે-૨૧ કમલમ ખાતે ધ્વજવંદન કાર્યક્રમ**

શહેરના સેકટર-૨૧ સ્થિત જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે પણ ધ્વજવંદન કાર્યક્રમનું આયોજન જિલ્લા ભાજપના આગેવાનો દ્વારા કરાયું હતું. જેમાં જિલ્લા ભાજપ પ્રમુખ નૈલેશ શાહના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. જેમાં ભાજપના આગેવાનો અને કાર્યકરો મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા. આ ઉપરાતં પ્રદેશ ભાજપ કાર્યાલય ખાતે કેન્દ્રીય મંત્રી પુરષોતમ રૂપાલાના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. જેમાં



મોટીસંખ્યામાં પ્રદેશ ભાજપના અને સ્થાનિક કાર્યકરો હાજર રહીને ધ્વજવંદન કાર્યક્રમમાં ઉત્સાહભેર જોડાયા હતા. આ પ્રસંગે કાર્યકરોને પ્રાસંગીક સંબોધન પણ કર્યુ હતું.

**● સે-૨૨ જિલ્લા કોંગ્રેસ કાર્યાલય ખાતે ધ્વજવંદન**



જિલ્લા કોંગ્રેસ કાર્યાલય ખાતે શહેર કોંગ્રેસ પ્રમુખ ડો.કૌશીક શાહની ઉપસ્થિતિમાં ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં જિલ્લા પ્રમુખ સુર્યસિંહ ડાભી, પ્રદેશ મહામંત્રી નિશિત વ્યાસ, રાકેશ જાની, જશીબેન, મીનાબેન વાઘેલા, લલીબેન ઠાકોર, કપીલાબેન ચાવડા, સહિતના કોંગ્રેસના આગેવાનો, હોદેદારો અને કાર્યકરો જોડાયા હતા.

**● સિવિલ હોસ્પિટલ ખાતે ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો**

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે તબિબિ અધિક્ષક ડો. નિયતીબેન લાખાણીના હસ્તે ધ્વજ વંદન કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે તબિબિ અધિક્ષક નિયતિબેને ઉપસ્થિત સ્ટાફના



કર્મચારીઓને પ્રાસંગીક પ્રવચન આપ્યું હતું. ગણતંત્રના કાર્યક્રમમાં મેડીકલ કોલેજના ડીન ડો. શોભના ગુપ્તા, સિવિલના આરએમઓ ડો. રાજેન્દ્ર ચૌહાણ, ડે.આરએમઓ ડો. કલ્પેશ જશપરા, ડોકટર્સ, કોલેજ સ્ટાફ, નર્સિંગ સ્ટાફ, લેબોરેટરી સ્ટાફ, સેનેટરી ઈન્સ્પેકટર, સિકયુરીટી સ્ટાફ, સહિત રાજદીપ એન્ટરપ્રાઈઝના કર્મચારીઓ મોટીસંખ્યામાં ધ્વજવંદન કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

## શહેરના વધુ એક બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવ્યુ

### સેક્ટર-૨૬ કિસાનનગરમાં રહેતા શિક્ષકના મકાનમાં સવા લાખની મત્તાની ચોરી

ગાંધીનગર, તા.૨૭

શહેરમાં ઠંડીના ચમકારા સાથે તસ્કરો પણ બેકાબૂ બની ગયા છે. સેક્ટર-૨૬ ખાતે વધુ એક બંધ મકાનમાં તસ્કરોએ હાથફેરો કર્યો હોવાનું ધ્યાને આવ્યું છે. સેકટર-૨૭ ની માધ્યમિક શાળામાં ફરજ બજાવતા એક શિક્ષકના સેકટર-૨૬ ખાતે કિસાનનગરમાં આવેલા મકાનને નિશાન બનાવીને તસ્કરો અંદરથી દાગીના તથા રોકડ મળી સવા લાખની મત્તાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. શિક્ષકની ફરિયાદના આધારે સેક્ટર-૨૧ પોલીસે આ મામલે ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરીને વધુ તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ શહેરના સેકટર-૨૬ કિસાનનગરમાં મકાન નંબર ૬૦૪/૧ માં રહેતા નિતિનભાઈ બાબુભાઈ પટેલ શહેરની સેક્ટર-૨૭ ની માધ્યમિક શાળામાં મુખ્ય શિક્ષક તરીકે ફરજ બજાવે છે. નીતીનભાઈ પટેલ ગઈ કાલે સવારના અરસામાં તેમના પરિવાર સાથે હિંમતનગર ખાતે ભત્રીજીના લગ્નમાં હાજરી આપવા માટે ગયા હતા. આ સમયગાળા દરમિયાન તેમનું મકાન બંધ હતું. આજે સવારે તેમના પડોશીઓ ઉપર ફોન આવ્યો કે તેમના મકાનનો દરવાજો ખુલ્લો છે. હિંમતનગરથી તાબડતોબ નીતીનભાઈ પરિવાર સાથે ઘરે પરત આવી ગયા હતા અને ઘરે આવીને જોયું તો તેમના મકાનનો દરવાજો ખુલ્લો હતો અને અંદર સામાન વેર વિખેર પડયો હતો. તેઓ લગ્ન પ્રસંગે હાજરી આપવા હિંમતનગર ગયા તે દરમિયાન બંધ રહેલા તેમના મકાનને ટાર્ગેટ કરીને તસ્કરો હાથફેરો કરી ગયા હતા. મુખ્ય દરવાજાનું તાળુ તોડીને અંદર ઘૂસેલા તસ્કરો તિજોરીનુ તાળુ તોડી તેમાંથી રોકડ રુ.૧.૧૫ લાખ અને અઢી હજારની કિંમતના દાગીના મળી કુલ રૂ.૧.૧૭ લાખની મત્તાની ચોરી કરી રફુચક્કર થઈ ગયા હતા. શિક્ષક નીતિનભાઈએ આ મામલે પોલીસને જાણ કરી ફરિયાદ આપતા સે-૨૧ પોલીસે ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરી એફએસએલનાં ફિંગર પ્રિન્ટ નિષ્ણાત તથા ડોગ સ્કવોર્ડ બોલાવી ઘટનાની ઉંડી તપાસ શરૂ કરી છે.

## ઈન્દ્રોડાના રેતી ખનન માફિયા બેફામ બન્યા

### ઈન્દ્રોડા પાછળ નદીમાં ગેરકાયદે થતુ રેતી ખનન પકડવા આવેલી ફલાઈંગ સ્કવોર્ડને માફિયાના સુત્રધારે નદી તરફ જવા ન દીધા : સરકારી કામકાજમાં રૂકાવટ ઊભી કરવા બદલ ગુનો દાખલ

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર પાસેથી પસાર થતી સાબરમતી નદી રેતી ખનન માફિયાઓએ કબજે કરી લીધી હોય તેમ લાગી રહ્યું છે. દિવસ રાત ખનીજ ચોરી થઈ રહી છે ત્યારે રેતી ખનન માફિયાઓ પણ હવે બેફામ બની ગયા હોય તેમ લાગી રહ્યું છે. ગઈકાલે ૨૬ મી જાન્યુઆરીના દિવસે સવારે આ નદીના પટમાં ઈન્દ્રોડા ગામની પાછળ ગેરકાયદે થતા રેતીખનન પકડવા ફ્લાઈંગ સ્કવોર્ડની ટીમો આવી પહોંચી હતી ત્યારે રસ્તામાં જ તેમને રેતી ખનન માફિયાઓનાં સૂત્રધારે નદી તરફ જતા અટકાવવાનું કામ કર્યું હતું. આ ટીમોની ગાડીઓની આગળ બાઈક લાવી દઈ ધીમે ધીમે બાઈક ચલાવવાનો શરૂ કર્યું અને ટીમો દ્વારા સાયરન વગાડવાનું ચાલુ કર્યા બાદ પણ તે બાઈકચાલક સાગરીતે આ ટીમની ગાડીઓને સાઈડ ન આપી નદી તટ પર પહોંચવામાં મોડું કરાવડાવ્યું હતું. આ મામલે ઉપરોક્ત બાઈક ચાલક સામે ફ્લાઈંગ ટીમે સરકારી કામકાજમાં રૂકાવટ બદલ ફરિયાદ આપતા પોલીસે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે.

ગાંધીનગર ખાતે રહેતા અને ઉદ્યોગ ભવનમાં ભૂસ્તર વિજ્ઞાન અને ખનીજ વિભાગની ફ્લાઈંગ સ્કવોર્ડમાં મદદનીશ ભૂસ્તરશાસ્ત્રી તરીકે નોકરી કરતા ચંદ્રેશભાઈ મહેન્દ્રભાઈ પરમાર ઈન્ફોસિટી પોલીસ મથકમાં આ મામલે ફરિયાદ નોંધાવી છે. ગઈ કાલે સવારે આઠ વાગ્યાના અરસામાં ચંદ્રેશભાઈ તથા તેમની ટીમના રોયલ્ટી ઈન્સ્પેકટર એ.બી.વાઢેર, માઈન્સ સુપરવાઈઝર કે.ડી.ડાભી, પ્રતીકભાઈ પરમાર તથા સર્વેયર કે.જી. આમહેડા અને વી.જી.જોશી સહિતની ટીમ બે સરકારી ગાડીઓમાં ડ્રાઈવરો સાથે ઈન્દ્રોડા પાછળ સાબરમતી પટ વિસ્તારમાં રેતી ખનીજના ગેરકાયદે ખાણ અંગેની આકસ્મિક તપાસ માટે જઈ રહ્યા હતા. ઈન્દ્રોડા પટમાં જતાં તેમની ગાડીઓ ની આગળ એક બાઈક આવી ગયું હતું અને તે રેતી ખનનના માફિયાઓના સાગરિત હોવાનું અધિકારીઓનુ માનવું છે. આ ટીમે બાઈકચાલકને બૂમો પાડીને કહ્યું કે તું વચ્ચેથી ખસી જા અમારે ટ્રેકટરો પકડવા જવાનું છે. તેમ કહી ગાડીઓના સાયરન પણ વગાડ્યા પરંતુ તે બાઈક ચાલક ધીમે ધીમે આ ગાડીઓની આગળ જઈ રહ્યો હતો અને સાઈડ આપતો ન હતો. શક્ય છે કે તેણે આ સ્કવોર્ડ આવી રહી હોવાની જાણ રેતી ખનન માફિયાઓને કરીને તેમને ભાગી જવાનો પૂરતો મોકો આપ્યો હતો. બાઈકચાલકે સાઈડ ન આપીને નદીના તટમાં રેતી ખનન કરી રહેલા બિનઅધિકૃત વાહનોને આ ટીમ પકડી શકી ન હતી. જેને પગલે સરકારી કામકાજમાં અડચણ ઊભી કરવા બદલ ઈન્ફોસિટી પોલીસ મથકમાં જીજે ૧૮ સીકે ૧૭૩૭ નંબરના અજાણ્યા બાઈક ચાલક સામે અધિકારીએ ફરિયાદ આપતા પોલીસે ગુનો દાખલ કરીને તેની ઊંડી તપાસ શરૂ કરી છે.

### સે-૨૧ હવેલી મંદિર ખાતે વચનામૃત કાર્યક્રમ યોજાશે

શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી મંદિર સે-૨૧ ખાતે પૂ.પા.ગો.૧૦૮ કમલેશકુમાર મહોદય મુંબઈનું તા. ૩૦-૧-૨૦૧૯ થી ૧-૨-૨૦૧૯ સુધી વચનામૃત કાર્યક્રમ સાંજના ૫ થી ૬ સુધી રાખવામાં આવેલ છે. તો સર્વે વૈષ્ણવોને તેનો લાભ લેવા સંસ્થાના ઉપપ્રમુખ રસિકભાઈ ગાંધીએ અનુરોધ કર્યો છે.

## અવિનાશના અજવાળે બાગમાં ટહુકો

ગાંધીનગર, તા.૨૭

સ્મિત મ્યુઝિક ગાંધીનગર દ્વારા ગુજરાત રાજય સંગીત નાટય અકાદમી અને અન્ય સ્નેહીઓના સંયુકત ઉપક્રમે ગાંધીનગર જિલ્લાના નવ લોહીયા યુવાધન માટે 'અવિનાશના અજવાળે બાગમાં ટહુકો' શીર્ષકથી ગુજરાતી સુગમ ગીત ગઝલ, લોકગીત સંધ્યાનું આયોજન તા. ૧૦-૨-૨૦૧૯ના રોજ થશે. જેમાં જિલ્લાના ૧૫ થી ૨૫ વર્ષ અને ૨૫ થી ૩૫ વર્ષ એમ બે વિભાગમાં ઓડીશન આધારે આશરે ૧૬ કલાકારોને તારવી મ્યુઝિશયન સહ ભવ્ય ગુજરાતી સંગીત સંધ્યા યોજાશે. આથી ગુજરાતી સુગમ ગીત ગઝલમાં રુચી ધરાવતા તેમજ આ સંધ્યામાં ભાગ લેવા ઈચ્છુક ૧૫ થી ૩૫ વર્ષની વયના યુવાન યુવતીઓને તારીખ ૨૯મી જાન્યુઆરી સુધીમાં પોતાનો ફોટો, નામ, ગામ, જન્મ તારીખ, ઉંમર, ગીત વગેરે મો.નં. ૯૬૬૨૦૨૩૧૩૫ ઉપર વોટસએપ કરી અથવા **bngajjar23@gmail.com** ઉપર મેઈલથી નિઃશુલ્ક નામ રજીસ્ટર કરાવી શકાશે. ઓડીશન તારીખ ૩૦મી જાન્યુઆરી ૨૦૧૯ના રોજ સવારે ૧૦ થી ૧૨ સ્મિત મ્યુઝિક સ્ટુડીયો સુમન સીટી, સે-૧૧ ખાતે યોજાશે.

# રાષ્ટ્રધ્વજ ફરકાવવો તે ખૂબ મોટી જવાબદારીનું કામ

### રાષ્ટ્રીય પર્વોની ઉજવણીમાં છેલ્લા ૨૧ વર્ષથી 'ધ્વજરક્ષક'ની ફરજ બજાવતા શરદરાવ વાઘનું મુખ્યમંત્રીએ સન્માન કર્યું : આગામી તા. ૩૧મી માર્ચે નિવૃત્ત થઈ રહેલા શરદરાવ અનુગામીઓને તાલીમ આપી રહ્યા છે

ગાંધીનગર, તા.૨૭

દેશભરમાં ૭૦મા પ્રજાસત્તાક દિવસની ઉલ્લાસપૂર્ણ ઉજવણી કરવામાં આવી અને સૌ કોઈ દેશની આન, બાન અને શાન સમા ત્રિરંગાના રંગે રંગાઈ ગયા. ઠેર ઠેર ત્રિરંગા યાત્રાઓ પણ યોજાઈ અને નાગરિકોએ પોતાના ઘરમાં, ઓફિસમાં, વાહનો પર તથા જાહેર સ્થળોએ ત્રિરંગા ફરકાવી દેશપ્રેમ વ્યકત કર્યો જયારે પણ કોઈ રાષ્ટ્રીય પર્વ આવે છે ત્યારે દેશભકિતના માહોલમાં દરેક નાગરિકને ત્રિરંગો ફરકાવવાનું મન થાય તે સ્વાભાવિક છે, જેના પગલે બજારમાં કે જાહેર રસ્તાઓ પર વેચાતા નાના-મોટા પ્લાસ્ટિક કે કાગળના ત્રિરંગા નાગરિકો ખરીદે છે પરંતુ રાષ્ટ્રીય પર્વના સમાપન બાદ આ ત્રિરંગાઓને ગમે ત્યાં ફેંકી દેવાયા હોય તેવી સ્થિતિ પણ જોવા મળે છે જે અત્યંત દુઃખદ અને અપમાનજનક પરિસ્થિતિ છે. રાષ્ટ્રધ્વજનું સન્માન આપણે સ્વાભાવિક રીતે જાળવવાની તકેદારી કેળવવી ખૂબ જરુરી છે. સરકારી કાર્યક્રમોમાં રાષ્ટ્રધ્વજનું સન્માન જળવાય તે માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવે છે જેમાં સૌથી મહત્વની જવાબદારી 'ધ્વજરક્ષક'ની હોય છે.

ગાંધીનગરના સે-૨૭માં રહેતા શરદરાવ વાઘે ગુજરાત સરકારના રાષ્ટ્રીય પર્વ ઉજવણીના ૨૧ વર્ષથી 'ધ્વજરક્ષક'ની સેવા આપી છે જેઓ આગામી તા. ૩૧મી માર્ચે તેમની ફરજમાંથી વય નિવૃત્ત થઈ રહ્યા છે. શરદરાવની સેવાઓ બદલ તેમને પાલનપુર ખાતે યોજાયેલ પ્રજાસત્તાક દિનની ઉજવણીમાં મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે ટ્રોફી




આપી સન્માનવામાં આવ્યા છે.

વર્ષો સુધી એસઆરપી એટલે કે રાજય પોલીસ અનામત દળમાં ડ્રીલ ઈન્સ્પેકટર તરીકે સેવાઓ આપી હાલ મેજરનો હોદ્દો શોભાવતા શરદરાવ મહારાષ્ટ્રમાં જલગાંવ જિલ્લામાં ચાલીસગાંવ તાલુકાના મેહુણબારા ગામમાં જન્મ્યા હતા. ગામની સહકારી મંડળીના સેક્રેટરી એવા પિતા ગુલાબરાવ અને માતા લક્ષ્મીબાઈની ત્રણ દિકરીઓ અને બે દિકરા એમ પાંચ સંતાનોમાં બીજા નંબરના શરદરાવે એસએસસી પાસ કર્યું પછી ફુવાએ વડોદરા બોલાવી લીધા જયાં તેમણે જીઆઈડીસીમાં જુદી જુદી જગ્યાએ નોકરી કરી હતી. આ પછી તેઓએ પોલો કલબમાં વેઈટર તરીકે પણ ફરજ બજાવી હતી અને તે સાથે વર્ષ ૧૯૮૩માં એસઆરપીની ભરતીમાં તેઓ પસંદગી પામતા ૯ માસ માટે ઉકાઈ ખાતે તાલીમ માટે મોકલવામાં આવ્યા હતા. તાલીમબાદ તેમનું પહેલું પોસ્ટીંગ ગાંધીનગર ખાતેની એસઆરપી-૧૨ કંપનીમાં કોન્સ્ટેબલ તરીકે નિયુકત થતા ગાંધીનગર રહેવા આવી ગયા હતા. વર્ષ ૧૯૮૬માં તેમના લગ્ન થયા અને તેજ વર્ષે તેમણે ગુજરાત કેડરની પરીક્ષા પાસ કરી ૩ મહિનાનો ડ્રીલ ઈન્સ્પેકટરનો કોર્સ પણ કર્યો હતો. ડ્રીલ એટલે કે પરેડની તાલીમથી માંડીને રજૂઆત સુધીની તમામ જવાબદારી ડ્રીલ ઈન્સ્પેકટરની હોય છે જેમાં ધ્વજરક્ષકની ભૂમિકા પણ ભજવવામાં આવે છે. વર્ષ ૧૯૯૧માં શરદ રાવે હેડ કોન્સ્ટેબલની પરીક્ષા પાસ કરી અને તેમની નિમણૂંક કરાઈ તાલીમ કેન્દ્ર ખાતે આસીસ્ટન્ટ ડ્રીલ ઈન્સ્પેકટરની જવાબદારી સોંપવામાં આવી હતી જેમાં તે નવા ભરતી થયેલા કોન્સ્ટેબલ્સને તાલીમ આપવાનું કાર્ય કરતા



હતા જેમાં માર્ચ પાસ્ટ કેવી રીતે કરવી, રાષ્ટ્રધ્વજને સેલ્યુટ કેવી રીતે કરવી, હથિયાર કેવી રીત ધારણ કરવું વગેરેનો સમાવેશ થાય છે. થોડા સમય પછી શરદરાવની વડોદરા ખાતે પીટીએસ એટલે કે પોલીસ ટ્રેનિંગ સેન્ટર ખાતે ડ્રીલ ઈન્સ્પેકટર તરીકે નિયુકિત કરવામાં આવી હતી.આ દરમિયાન તેમણે ઈન્દોર ખાતે ઓલ ઈન્ડિયા વેપન ટેકટિકસ કોર્સની તાલીમ પણ મેળવી હતી.

ગાંધીનગર ખાતે શરદરાવને ફરી ૧૯૯૭માં મુકવામાં આવ્યા જયાંથી વર્ષ ૨૦૦૨માં તેમની મંત્રી સુરક્ષા માટેના પર્સનલ સિકયુરિટી ઓફિસર તરીકે બદલી કરવામાં આવી હતી આ દરમિયાન તેમણે કરાઈ ખાતે કમાન્ડો કોર્સ પણ પુરો કર્યો હતો. અંતે વર્ષ ૨૦૧૭માં તેમને એસઆરપીની એફ કંપનીમાં મેજર તરીકે પ્રમોશન આપવામાં આવ્યું હતું. સમગ્ર કારકિર્દી દરમિયાન નિયમિતતા અને સમયપાલનને વરેલા શરદરાવને વર્ષ ૧૯૯૭માં સૌ પ્રથમવાર તત્કાલીન મુખ્યમંત્રી કેશુભાઈ પટેલના હસ્તે સે-૧૭માં હેલિપેડ ગ્રાઉન્ડ ખાતે યોજાયેલ ધ્વજવંદન કાર્યક્રમમાં 'ધ્વજરક્ષક' તરીકેની જવાબદારી સોંપવામાં આવી હતી. આ સમયે તેઓ અમદાવાદ ખાતે ફરજ બજાવી રહ્યા હતા. રીહર્સલ દરમિયાન ધ્વજની દોરની ગાંઠ ખુલવામાં થતી મુશ્કેલીના પગલે તાત્કાલિક તેમને બોલાવી જવાબદારી સોંપવામાં આવી હતી જે તેમણે સુપેરે પાર પાડી બતાવી હતી તે સમયના રાજયપાલ સુંદરલાલ ભંડારીથી માંડીને અત્યારના રાજયપાલ ઓ.પી. કોહલી અને કેશુભાઈ પટેલથી માંડીને નરેન્દ્ર મોદી, આનંદીબેન પટેલ તથા વિજયભાઈ રૂપાણી સુધીના મુખ્યમંત્રીઓના હસ્તે યોજાયેલ પ્રજાસત્તાક પર્વ, સ્વાતંત્ર્ય પર્વ તેમજ ગુજરાત ગૌરવ દિવસ અને સ્ટેચ્યુ ઓફ યુનિટીના લોકાર્પણ જેવા તમામ પ્રસંગોએ શરદરાવે ધ્વજરક્ષકની વિનાચુક સેવા પુરી પાડી છે. નરેન્દ્ર મોદીએ શરુ કરાવેલ પ્રથા અનુસાર રાજયકક્ષાના ધ્વજવંદન કાર્યક્રમો વિવિધ જિલ્લામાં યોજવામાં આવે છે તે દરેક કાર્યક્રમમાં તેમણે આ ફરજ નિભાવી છે. એક માસ પૂર્વે તેમને સૂચના આપી દેવામાં આવે કે ધ્વજવંદન સમારોહ કયાં યોજાશે અને કાર્યક્રમના ૧૦ દિવસ અગાઉ ત્યાં જઈ તૈયારીઓ આરંભી દેવી પડે જેમાં ડ્રીલના આયોજનથી માંડીને ધ્વજપોલનું નિરીક્ષણ, રાષ્ટ્રધ્વજ ડાઘ વગરનો ધોયેલો હોય, તેની સિલાઈ યોગ્ય હોય અને જો તેમાં તકલીફ હોય તો તેને દૂર કરવી, નિયમાનુસાર ગડી વાળવી ઉપરાંત ડ્રીલ સમયે યોગ્ય સમય જાળવણી થાય, બેન્ડની સુરાવલી સાથે ધ્વજ સમયસર ફરકાવાય, સેલ્યુટ યોગ્ય રીતે થાય તે માટે વીઆઈપીને વિનમ્રતાપૂર્વક જરુર મુજબ થોભવાની કે આગળ વધવાની તથા યોગ્ય સ્થાને ઉભા રહેવાની સૂચના આપવા જેવી તમામ જવાબદારી નિભાવી છે. પર્સનાલીટી માટે મોટી મુછો રાખતા શરદરાવ તેમની ફરજમાં એટલે ચોકકસ છે કે તેમને સમગ્ર નોકરી દરમિયાન ૧૧૦ વખત ગુડ સર્વિસ ટિકીટ પ્રાપ્ત થઈ છે. જેનું શ્રેય તેઓ પોતે હંમેશા વ્યસનથી દૂર રહ્યા હોવાને આપે છે. તેમનો એકનો એક પુત્ર જીઆઈડીસીમાં પીસીબી બનાવવાનો વ્યવસાય કરે છે. શરદરાવ વાઘ કહે છે કે 'રાષ્ટ્રધ્વજના ધ્વજરક્ષક બનવું તે સૌથી મોટી જવાબદારીનું કામ છે. અને રાષ્ટ્રધ્વજ જયાં સુધી ફરકે નહીં ત્યાં સુધી તેમનું ટેન્શન દૂર થતું નથી. આ જવાબદારી હું એટલા માટે નિભાવી શકયો છું કેમ કે મેં હંમેશા દિલથી અને લગનથી કામ કર્યું છે.'

- પ્રતિભાવો આવકાર્ય :
samirtalod@yahoo.com